શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૬૯ • તા.૦૪ સપ્ટેમ્બર થી ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

# સદાય યાદગાર રહેશે



# 'જીવન સંધ્યા' સુખાલયવાળા ગદગના મણીબેનનું નામ

SAVIOUR®
Performing PPE

Sure Safety
Complete Safety Solutions

# COVID-19 OFFER

SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF

EN 166 FPSAV-F-SS



## COVID-19 Face Shield

NIOSH/EN 149-2001 + A1:2009/FFP2 RPSAV-N95



## N-95 Respirator

SITRA Approved BPSAV-VGS



## N-95 Respirator

EN 166 EYSAV-CHS-S



## Chemi Splash Small

*Offer Valid till Stocks last!!! at factory Prices.

## BOOK YOUR ORDER

## DEALERS WANTED

www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-ઃ સંપાદક ગણ ઃ-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-ઃ કાર્યાલય ઃ-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ ઃ** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# ક્ષમા માંગનાર કરતાં આપનાર મહાન છે

જૈન ધર્મના સર્વ પર્વોમાં ઉત્કૃષ્ટ, ઉતમ અને અદ્‌ભૂત પર્વ કોઈ હોયતો એ પર્યુષણ મહાપર્વ છે. પર્યુષણ મહાપર્વનું હાર્દ છે ક્ષમાપના જીવને કર્મબંધનથી મુક્તિ આપી જીવને શિવ ચરણે પહોંચાડે છે.

ક્ષમાં માંગવી એ માત્ર શારીરિક ક્રિયા નથી. ભૂલ તો જીવ માત્રથી થાય પણ ભૂલ થવાનો પશ્ચતાપ થાય, શુદ્ધ હૃદયથી માફી માંગવાનો સંકલ્પ ઊંડાણ માંથી પ્રગટે એ હૃદય પરિવર્તનની ઘટના ઉચ્ચ પ્રકારની બને છે. ક્ષમા એ ઋણ મૂક્તિનો મારગ છે. દૈનિક, પાક્ષિક ચાર્તુમાસિકે સાંવત્સરિક એ ચાર મુખ્ય ક્ષમાપનાના પ્રકાર છે. રોજે રોજ નહીં તો સાંવત્સરિક ક્ષમાપના દરેક મનુષ્ય કરવી જોઈએ.

અંતકરણ પૂર્વકની આરાધના એટલે શુદ્ધ ભાવથી યાચેલી ક્ષમા ક્ષમા માંગવી ક્ષમા આપવી અને ક્ષમા રાખવી. એ ત્રિપદી ક્રિયા માનવીને ઉચ્ચ આસને બિરાજમાન કરે છે. હૈયું વિનમ્ર બને ત્યારે ક્ષમા માંગી શકાય, હૈયું વિશાળ બને ત્યારે ક્ષમાં આપી શકાય અને હૈયું પૂર્ણ પણે વિમલ બને ત્યારે ક્ષમા રાખી શકાય. ધારી શકાય, ક્ષમા દ્વારા સાચી સાધના આરંભી શકાય છે. ધર્મ આપણને શીખવાડે છે કે કેવળ મનુષ્ય યોનિની ક્ષમા માંગવાની નથી સમસ્ત અને સકળ જીવયોનિની જીવરાશિની ક્ષમા માંગવાની છે.

ક્ષમાભાવ જાગે એ મોટી હિંમત છે. કોઈની પાસે માંગવું એટલે યાચના કરવી. યાચકના હાથ જોડેલા હોય, ભાવ નમ્ર હોય અને આંખોમાં દયા યાચનાની લાગણી હોય ક્ષમાને વીરજનોના ભૂષણ-આભૂષણ, શણગાર તરીકે ઓળખવામાં આવ્યો છે. અલંકાર કે આભૂષણ વિશિષ્ટ હોય. અદ્‌ભૂત હોય અને અણમૂલા હોય છે. જે ધારણ કરવાર શોભી ઉઠે છે અને મૂલ્યમાન થઈ ચળકે છે. ક્ષમા આપવા ઉદારતા અનુકંપા અને અંતરમાં બીજા પ્રત્યે અનુરાગ જોઈએ. અંતરમાં આદ્રતા હોય, નજર નીચી હોય જેથી ક્ષમા માંગનારની આંખમાં આંખ ન મળી શકે જેથી તેની લાચારી જોઈ પોતાનામાં ગુમાન ન આવે. મનની કડવાશ અને ઉપકાર ભાવથી હળવા થઈને પવિત્ર માંગલ્ય માહોલ થાય એ માટે ઉદારતા થી ક્ષમા આપનાર મહાન છે. તેથી જ તો ક્ષમા વીરસ્ય ભૂષણ કહેવાયું છે. ક્ષમા વિના કોઈ સાધના કે આરાધના સાર્થક થતી નથી. માટે જ ક્ષમા માંગનાર કે આપનાર પોતાના ઉર અંતરનો ઉપશાંત શાંત, હળવો અને શીતલ કરી દે છે. એ સાચો આરાધક બને છે. ક્ષમાનો ભાવ જેટલો નિઃસ્વાર્થ જેટલો નિર્મળ થાય એટલું જીવન જળ શુદ્ધ અને પાવન બને છે. કોઈની નિંદા, કુથલી કરીને કે ખોટી ચર્ચામાં વખત ગમાવી ચર્ચાના ચકડોળમાં ફરવું. રાગ, દ્વેષ, ઈર્ષાનાં હતી ટ્રેપમાં સપડાયા આપીને ઉન્નત થઈએ જીવનો ઉત્પાત શાંત કરીએ. હૃદયની નિર્મળતા અને અંતરના કરૂણાથી ઉદારદિલથી પરસ્પર સમાપના કરી મૈત્રી ભાવને સુદ્રઢ કરીએ અને આરાધક થઈએ.

સૌને મિચ્છામિ દુક્કડમ

– જય જ્ઞાતિમૈયા

# જીવન શિખરે પહોંચાડતા ચાર સોપાન

અણઘડ પથ્થરને ચીવટપૂર્વક ઘડીને આકાર આપે તે ગુરૂ. અજ્ઞાની, અબુધ અને અણસમજ બાળકને સમજ, શીખ અને સમાજ વ્યવહારની રીત ભાત શીખવે તે માતા એની પ્રથમ ગુરૂ. બીજા ગુરૂ પિતા છે અને ત્રીજા ગુરૂ શિક્ષક છે અને ચોથા ગુરૂ સંત છે. જન્મથી લઈને આઠ દસ વર્ષ સુધી માતા-પિતા જે સંસ્કાર આપ્યા હોય તે સંસ્કાર બાળકના જીવનમાં પાયાનું કામ કરે છે અને એ સંસ્કાર આજીવન રહે છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

પાંચમાં વર્ષથી બાળક શિક્ષણ લેવા શાળામાં જાય છે ત્યાં જે જ્ઞાન અને અભ્યાસથી માહિર કરે એ શિક્ષક એનો ગુરૂ છે. શિક્ષક શિક્ષણની સાથોસાથ સંસ્કાર આપે તે જીવનની પ્રગતિમાં ઉપયોગી બને છે અને તેની કારકિર્દીનું ઘડતર કરે છે.

યુવાવસ્થામાં સંતના સમાગમમાં આવે છે. ત્યારે તેને ધર્મ, કર્મ અને મોક્ષનું જ્ઞાન અને શિક્ષણ મળે છે. આમ સંત તેના આધ્યાત્મિક ગુરૂ છે. સંત જ તેને ધાર્મિક સંસ્કારની સાથો સાથ સત્સંગ ઓળખાવ્યો હોય તે જીવનને સુધારી સુંદર બનાવે છે.

આમ માતા પિતાના સંસ્કાર એ બાળકના જીવનનો પાયો બને છે. વિદ્યા ગુરૂ શિક્ષકના સંસ્કાર જીવનનું ચણતર કરે છે અને આધ્યાત્મિક ગુરૂ સંતએ કરાવેલો સત્સંગ જીવનનો શિખર કળશ બને છે. આમ માતા પિતા, વિદ્યા ગુરૂ અને સદ્‌ગુરૂ સંત આ ત્રણેયના માર્ગદર્શનથી જ જીવન પૂર્ણ બને છે. ત્રણેય ગુરૂઓમાંથી કોઈ એકની ખામી હોય તો જીવન અપૂર્ણ રહે છે.

આમ સંસ્કાર, શિક્ષણ અને સત્સંગના સંગમથી જ માનવ જીવનની સાર્થકતા થાય છે. આ ત્રણેયના સુમેળ ભાવથી જીવનની સંપૂર્ણતાને વરે છે. આમ તો પ્રત્યેક વ્યક્તિએ સારા સંસ્કાર, શિક્ષણ, સમજણ, સત્સંગ અને સંસ્કૃતિનું જ્ઞાન મળે ત્યાંથી મળતાં હોય ત્યાંથી મેળવતા રહી જ્ઞાન વૃધ્ધિ કરી જીવનને સંપૂર્ણ બનાવવું જોઈએ. આત્મ કલ્યાણના સંસ્કાર શિક્ષણ સંસ્કાર અને સત્સંગ ચાર પાયા જીવનના સોપાન બની શિખર પહોંચાડે છે.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સદાય યાદગાર રહેશે 'જીવન સંધ્યા' સુખાલયવાળા ગદગના મણીબેનનું નામ






**મણીબેન મૈશેરી-જખૌ**
**સ્થાપક પ્રમુખ**

એક વિરલ અને હિંમતવાળી સ્ત્રી જ હોઈ શકે છે, જે નિ:સંતાન છે, જેણે આધેડ વયે પતિનો સથવારો ગુમાવ્યો છે, જે સ્વગૃહ વેંચે છે અને ભાડાના ઘરમાં રહેવા જાય છે અને જે ઘરના વેંચાણમાંથી આવેલ રકમમાંથી અડધીથી વધારે રકમ (રૂ. ત્રણ લાખ -૧૯૮૭/૮૮ ના) દાનમાં આપવા તૈયારી બતાવે છે અને આપે છે. ન હતી કોઈ ભવિષ્યની ચિંતા. પ્રબળ નારી શક્તિનું જીવતું જાગતું ઉદાહરણ. એ સન્નારી છે શ્રીમતિ મણીબેન કાંતિલાલ શાહ (મૈશેરી), કચ્છ જખૌ/ગદગ.

સ્વતંત્ર સેનાની શ્રી શિવજી ચત્રભોજ નાગડા ના દિકરી હોવાથી આવા સંસ્કાર કદાચ એમને વારસામાં મળ્યા હોય. શ્રી કાંતિલાલભાઈ વીમા એજન્ટ હતા. વ્યાજ વટાવનું કામકાજ પણ સાથે કરતા હતા. મારા પિતાજી ના તેઓ એક ખાસ મિત્ર હતા. અમારા બધાનું વીમા નું કામ એમની પાસે જ હતું. એમનું દામ્પત્ય જીવન સુખમય પસાર થતું હતું. અચાનક કાંતિલાલભાઈની વિદાય થઈ. અને મણીબેનના જીવનમાં નવા અધ્યાયની શરૂઆત થઈ.

મણીબેન સાથે મારો પરિચય ન જેવો હતો. સામાજિક કાર્યક્રમોમાં ક્યારેક ઔપચારિક વાત થતી. ૧૯૭૨ માં મેં ગદગ ગામની વિદાય લીધી હતી. માવિત્ર, ભાઈ બહેનો અને મિત્રો ગદગ રહેતા હોવાથી ગદગ જવાનું અવારનવાર થતું. એક વેકેશનમાં હું ગદગ હતો ત્યારે મણીબેને સંદેશો મોકલ્યો કે મને તેમને મળવું છે. હું તેમના ઘરે ગયો. આ મુલાકાતમાં તેમણે દાન આપવાની ઈચ્છા વ્યક્ત કરી. શું કરવું એ દ્વિધામાં હતા. તેમની ઈચ્છા હતી કે એક



# સદાય યાદગાર રહેશે 'જીવન સંધ્યા' સુખાલયવાળા ગદગના મણીબેનનું નામ

એમ્બ્યુલન્સ લેવી કેમકે ગદગમાં એમ્બ્યુલન્સ ન હતી. એમના વિચારો અને ઈચ્છાઓ સમજી આયોજન માટે સમય માગ્યો. એમની એક માગણી હતી જે પણ આયોજન કરો, તેમાં તમે હોવા જોઈએ.

જ્ઞાતિના વિવિધ શહેરોમાં રહેતા સક્રિય કાર્યકરો સાથે વાર્તાલાપ અને ચર્ચા કરી. થોડા સિનીયર સિટીઝન હોમ્સની મુલાકાત લીધી. ભવિષ્યમાં આવનાર સમાજ વ્યવસ્થા વગેરે અન્ય મહત્વના પાસાંની છણાવટ કરી મેં એમને જીવન સંધ્યા માટેની રજુઆત કરી. આ ચર્ચાસ્પદ વિષય હતો અને રહેશે. તેમણે તુરંત સહમતી દર્શાવી. આવી રીતે જીવન સંધ્યાના બીજારોપણ થયા.





નવી સંસ્થા ઉભી કરવી એ અથાગ મહેનત અને પરિશ્રમ માગી લે છે. ધોળા દિવસે તારા દેખાય છે. પ્રભુના આશીર્વાદના લીધે લાખો ભેગા થઈ ગયા. સર્વે ટ્રસ્ટીઓ તન, મન અને ધનથી સેવા આપી અને આપી રહ્યા છે. જ્ઞાતિના અન્ય સામાજીક કાર્યકરોએ ખૂબ મદદ કરી.

શ્રીમતિ મણીબેન શરૂઆતથી જીવન સંધ્યાના રહેવાસી છે. તેઓશ્રીએ, જ્યાં સુધી શરીરે સાથ આપ્યું, ત્યાં સુધી પોતાની આગવી સ્ટાઈલથી રસોડાનું મેનેજમેન્ટ વર્ષો સુધી કર્યું. બગીચાનું દેખરેખ પણ તેઓ કરતા હતા. સંસ્થા પોતાનીજ છે એ દ્રષ્ટિએ તેઓ કામ કરતા. એમની સેવાને ધ્યાનમાં રાખી સંસ્થાએ પણ શરૂઆતથી એમની બધીજ સગવડો એમને નિઃશુલ્ક આપેલ છે. આ સિવાય તેઓ નાના મોટા દાન આપતા હતા. છેવટ સુધી તંદુરસ્ત રહેવાની તેમની કોશિશ રહી હતી. તેઓશ્રીએ ગુરુવાર તા.૩.૯.૨૦૨૧ ની સાંજના શાંતિપૂર્વક વિદાય લીધી. પ્રભુ એમની પવિત્ર આત્માને સદ્‌ગતિ અર્પે એજ પાર્થના.

તેઓ એક પ્રેરણા દાયક, આત્મવિશ્વાસથી ભરપૂર, શિસ્તબદ્ધ જીવન જીવનાર વ્યક્તિનું ઉદાહરણ દર્શાવતા રહેશે.

–તિલકચંદ કુંવરજી લોડાયા, ચેન્નઈ.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# Anumodana

## Sanjivani Case- 45 Patient : Smt. Pushpa Suresh Kuruva, Godhra (Dombivli)

| Uranium Patron | Donation ( |
|---|---|
| Anantnathji Maharaj Jain Temple and its Sadharan Fund Trust | 9,000.00 |
| **Aadhar Stambh Patron** | |
| Shri. Narendrabhai Shamji Dand, Tera, Mumbai | 10,000.00 |
| **Lifetime Patron** | |
| Shri Kumar Babubhai Dand, Tera , Mumbai | 1,000.00 |
| **Other Individual Donations** | |
| Smt. Alpa Gautam Dharamshi, Mumbai | 20,000.00 |
| Shri Hukamchand Dharamsey | 5,000.00 |
| Shri Hiren Somchand Shah ( Lodaya), Vadodara | 5,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 5,000.00 |
| Shri Rajendrakumar Desai (Lapasiya), Raichur | 3,100.00 |
| Shri Kartik Mahendra Shah | 2,000.00 |
| Late Shri Pramod Damji Khona, Jakhau - Thane | 1,000.00 |
| Smt. Arunaben Chimanlal Nagda, Cochin - Mumbai | 1,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda | 1,000.00 |
| Shri Devansh Pomesh Momaya | 1,000.00 |
| Shri Surendra Kumar Bhate | 1,000.00 |
| Shri Kamlesh Khushalchand Poladia, Pachora | 500.00 |
| Shri Mehul Chandrakant Vinjhani ( Hefa ) | 500.00 |
| Shri Chandresh Tokarshi Lodaya, Alleppey | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 90990 41414

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case-50 - Patient - Smt. Vijaya Rajesh Lodaya, Varapadhar (Gandhidham)

| Uranium Patron | Donation (R |
|---|---|
| Anantnathji Maharaj Jain Temple and its Sadharan Fund Trust | 15,000.00 |
| **Aadhar Stambh Patron** | |
| Shri Narendrabhai Shamji Dand, Tera, Mumbai | 10,000.00 |
| **Lifetime Patron** | |
| Matushri Vijayaben Shantilal J. Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 12,500.00 |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Banglore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Jai Jinendra Gautamnidhi Trust, Mumbai | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri K.D.O. Jain Gnati Mahajan , Banglore | 2,500.00 |
| Deluxe LOGISTICS Pvt Ltd, Mr. Kirti Dhanji Dharamshi | 2,000.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Che. Trust , Kutch | 2,000.00 |
| Late Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000.00 |
| Shri Pankaj Lakhmichand Dharamshi | 1,000.00 |
| Shri Rajendra Manilal Khona, Suthri, Mulund Mumbai | 1,000.00 |
| Shri Laljibhai Velji Lodaya, Varapadhar - Dombivali | 1,000.00 |
| Smt. Sarlaben Lalji Lodaya, Varapadhar - Dombivali | 1,000.00 |
| Shri Kumarbhai B. Dand, Tera, Mumbai | 1,000.00 |
| **Platinum Patron** | |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 5,000.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 5,000.00 |
| **Diamond Patron** | |
| Late Matushri Bhanumati M.Dhulla & Late Shri Manilal S.Dhulla, Suthri, Mulund (H:Nirenbhai Shah) | 2,500.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,500.00 |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,500.00 |
| Late Smt. Hemlata Mulchand Nagda (H: Shri Bhavin T. Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Late Shri Mulchand Visanji Nagda (H: Shri Manikant Visanji Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 2,000.00 |
| Smt. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,000.00 |
| Matushri Laxmiben Javerchand Dharamshi (H: Yogita Dhirish Dharamshi)Kothara, Bijapur | 2,000.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K. Luthia, Raidhanjar | 2,000.00 |

| Gold Patron | |
|---|---|
| Well Wisher-1 | 2,500.00 |
| Smt. Anita Jivraj Lodaya (Haste Kiyan Mikhil Lodaya), Moti Khavdi, Thane | 2,500.00 |
| Matushri Madhuben Hirachand Dand ( Haste: Ritesh H. Dand ) Lala, Mulund, Mumbai | 2,500.00 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli | 2,500.00 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 2,500.00 |
| Sanghviratna Shri Virendra Raghavji Lodaya, Ahmedabad | 2,500.00 |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 2,500.00 |
| Shri Rameshbhai Kunverji Meghji Mota, Mulund, Raper Gadhwari | 2,500.00 |
| Late Shri Hemraj Lalji Meisheri, Jakhau - Pune | 2,000.00 |
| Matushri Jayavati Hemraj Meisheri, Jakahu - Pune | 2,000.00 |
| Shrimati Yashwanti Chandrakant Lodaya & Shri Chandrakant Damji Lodaya, Kothara, Mulund | 2,000.00 |
| Smt. Prabhaben Punamchand L Dharamshi, Naliya, Hubli | 2,000.00 |
| **Silver Patron** | |
| Shri Hirachand Dungarshi Dand, Tera, Hubli | 2,800.00 |
| Shri Nishith Dandand Vadodara KDO & Non KDO Group, Tera, Vadodara | 2,500.00 |
| Matushri Lilavantiben Kunverji Dharamshi, Kothara, Navi Mumbai | 2,500.00 |
| Matushri Manbai Malshi Mota & Pitashri Malshi K. Mota, Kuapadhar, Salem | 2,500.00 |
| Shri Mulji Raghavji Lodaya, Sandhav, Dadar | 2,500.00 |
| Matushri Vasantiben Navinchandra Narshi Khona , Naliya, Ghatkopar, Mumbai | 2,000.00 |
| Matushri Bayabai Khimji Lodaya ( Kakima ) (Haste : Pradip R. Lodaya), Sayera, Coimbatore | 2,000.00 |
| Shri Ravindra Harish Munvar , Jakhau, Banglore | 2,000.00 |
| Smt. Vaishali Lalit Shah, Varapadhar, Hyderabad | 2,000.00 |
| Shri Pankaj Pasvir Luthia, Nani Khavdi, Sion, Mumbai | 2,000.00 |
| Shri Bhupendra D. Mota , Tera, Malad, Mumbai | 2,000.00 |
| Dr. Usha harish Lapasia, Suthri , Ambernath, Mumbai | 2,000.00 |
| Late Dr. Vasanti Khona, Naliya Mulund, Mumbai | 1,500.00 |
| Smt. Tarabai Laherchand Nagda, Naliya , Ghatkopar | 1,000.00 |
| Shri Laxmichand Malshi Jivraj Nagda ( H: Shri Jayesh L. M. Nagda) Rangpur , Banglore | 1,000.00 |

| Other Individual Donations | |
|---|---|
| Dr. Madhukant Ratanshi Dharamshi, Kothara - Gandhidham | 25,000.00 |
| M/s. Active Cargo Movers, Gandhidham | 25,000.00 |
| Shri Achalgachchh Jain Sangh, Adipur | 25,000.00 |
| Shri Padamshi Lakhamshi Lalka Family, Varapadhar - Adipur | 25,000.00 |
| Smt. Alpa Gautam Dharamshi | 15,000.00 |
| **Shri Kutchi Dasa Oswal Jain Kutchh Ekkam** | **12,000.00** |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Smt. Sheela Bharat Dagha | 10,000.00 |
| Shri Varapadhar KDO Jain Mahajan / Yuvak Mandal | 10,000.00 |
| Shri Rajendra U. Desai , Raichur | 5,200.00 |
| Shri Virchandbhai Padamshi Lodaya, Sayra - Gandhidham | 5,000.00 |
| Matushri Sushilaben S. Momaya, Sayra - Gandhidham | 5,000.00 |
| Matushri Sonbai Damji Vikamshi, Parjau - Anjar | 5,000.00 |
| Shri Mayurbhai Jethabhai Lodaya, Naliya - Gandhidham | 5,000.00 |
| Shri Khimjibhai Chatrabhoj Lalka, Varapadhar - Gandhidham | 5,000.00 |
| Matushri Mankbai Narshi Lodaya, Tera - Gandhidham | 5,000.00 |
| Shri Kantilalbhai Hansraj Mota, Rapargadhwari - Adipur | 5,000.00 |
| Matushri Tejbai Laljibhai Lodaya, Varapadhar - Gandhidham, H: Arvindbhai & Bhupendrabhai | 5,000.00 |
| Matushri Navalbai Thakarshibhai Lodaya, Adipur - Gandhidham | 5,000.00 |
| Matushri Chandanbai Hirachand Narshi Dand, Naliya - Adipur | 5,000.00 |
| Shri Gulabbhai Valji Dharamshi, Jasapar - Gandhidham | 5,000.00 |
| Shrimati Vijayaben Rajesh Lodaya | 5,000.00 |
| Shri Siddharth Lodaya | 5,000.00 |
| Shri Hiren Somchand Shah (Lodaya), Vadodara | 5,000.00 |
| Matushri Hiravanti Shantilal Dand Parivar, Tera - Gandhidham | 2,501.00 |
| Matushri Vejbai Somchandbhai Nagda, Naliya - Gandhidham | 2,500.00 |
| Shree Swayamsidh KDO Ladies Wing, Mumbai | 2,500.00 |
| Shrimati Neetaben Mahendra Poladiya | 2,500.00 |
| Shri Javerchand Ratanshi Munvar, Gandhidham | 2,500.00 |
| Smt. Nita Bhavesh Shah , Patan , Juhu | 2,000.00 |
| Smt. Deepali C. Nagda, Vadodara | 2,000.00 |
| Shri Bharat Narendrabhai Momaya, Naliya - Antarjal | 2,000.00 |
| Shri Kantilal Kanji Lalka, Bandhiya - Gandhidham | 2,000.00 |
| Shri Vinodbhai Somchand Dand, Tera - Gandhidham | 2,000.00 |
| Shri Rajeshbhai Somchand Dand, Tera - Gandhidham | 2,000.00 |
| Shri Kartik mahendra Shah | 2,000.00 |

| | |
|---|---|
| Well Wisher-2 | 2,000.00 |
| Shri Hukamchand J. Dharamshi | 2,000.00 |
| Matushri Vijayaben Kulinkant Bhojraj Lodaya, Rava - Adipur | 1,000.00 |
| Matushri Navalbai Khetshibhai Dharamshi, Anjar - Tera | 1,000.00 |
| Shri Atul Kishorbhai Mota , Suthri - Anjar | 1,000.00 |
| Shri Jesal Chandrakant Dand, Tera - Gandhidham | 1,000.00 |
| Shri Geeten Jethabhai Dharamshi, Bayath - Gandhidham | 1,000.00 |
| Shri Mehul Khushalbhai Khona, Kothara - Gandhidham | 1,000.00 |
| Shri Bharat Laljibhai Momaya, Sayera - Gandhidham | 1,000.00 |
| Matushri Vijyaben Kantilal Soni, Vanku - Adipur | 1,000.00 |
| Shri Manilal Visanji Dharamshi, Banglore | 1,000.00 |
| Matushri Gunvantibai Javerchandbhai Lodaya, Naliya - Gandhidham | 1,000.00 |
| Shri Thakarshibhai Chatrabhoj Dagha Family, Adipur - Varadiya | 1,000.00 |
| Matushri Gangabai Javerchand Lodaya, Naliya - Gandhidham | 1,000.00 |
| Smt. Arunaben Chimanlal Nagda, Cochin - Mumbai | 1,000.00 |
| Well Wisher-3 | 1,000.00 |
| Shri Devansh Pomesh Momaya, Sayera - Ghatkopar | 500.00 |
| Shri Mehul Chandrakant Hefa | 500.00 |
| Shri Surenbhai Navinbhai Momaya, Ranpar - Gandhidham | 500.00 |
| Shri Maheshbhai Javerchand Lodya, Antarjal - Varapadhar | 500.00 |
| Shri Bhavanjibhai Vershibhai Nagda Family, H: Vijaybhai , Parjau - Gandhidham | 500.00 |
| Shri Shantilalbhai Keshavji Nagda , H: Bhavikbhai , Varapadhar - Gandhidham | 500.00 |
| Shri Chandresh Tokarshi Lodaya, Alleppey | 500.00 |
| Shri Kamlesh Khushalchand Poladia, Pachora | 500.00 |
| Shri Nitin Raichand Sayla , Suthri - Dombivli | 500.00 |
| Well Wisher-4 | 500.00 |
| Well Wisher-5 | 200.00 |
| **Previous Case Balance** | |
| From Case- 40 | 1,08,799.00 |

## Shree Samast KDO Jain Mahajan

**Website: www.kdosm.org    Email: Seva@kdosm.org    Help: +91 90990 41414**

## Thank You Donors for your Generosity & Kindness

# લોકમત વુમન એચિવર્સ ઓફ મુંબઈ ૨૦૨૧ એવોર્ડથી સન્માનિત નેહલ અમર શાહ ખોના






સ્ત્રીએ આજના સમાજનો અરીસો છે. ઘરમાં એની ભૂમિકા માતા, પુત્રી, બહેન કે પત્નીની હોય છે પણ સમાજજીવનમાં પ્રોફેશનલ તરીકે અને સહકાર્યકર તરીકે ઉતમ રીતે યોગદાન આપે છે.



તેનું સર્વાંગી યોગદાનને લીધે તે ખરોખર સમાજની શિલ્પકાર તરીકે છે એવું એક અનુભવી એ કહ્યું છે તે સાચું છે.

લોકમત પ્રકાશન ગ્રુપ દ્વારા મુંબઈમાં વિવિધ ક્ષેત્રની મહિલાઓ જેઓ પોતપોતાના ક્ષેત્રમાં સફળ રીતે વ્યવસાયિક કે સામાજિક ક્ષેત્રે ઉમદા કાર્ય કરી નામના અર્જિત કરી છે તેઓને લોકમત વુમન એચિવર્સ ઓફ મુંબઈ ૨૦૨૧થી સન્માનિત કરયા. આમાં માટુંગા ઈસ્ટ વોર્ડ ક્રમાંક ૧૭૭ના નગરસેવિકા નેહલ અમર શાહ ખોનાનો પણ સમાવેશ છે.

જેમણે પોતે વિવિધ રીતે પોતાની સેવાકીય સેવાઓ આપી ઉતમ કાર્ય કર્યું છે. આમ તેમની કાર્યશૈલીથી જ્ઞાતિની મહિલા અને યુવાનોને પ્રેરણા મળશે.

# ચાંદની પરેશ લાલકા JITO નવી મુંબઈની લેડિઝ વિંગના ચેરપર્સન તરીકે નિયુક્ત






JITO ની નવી મુંબઈ ચેપ્ટરની લેડિઝ વિંગના ચેરપર્સન તરીકે અ.સૌ.ચાંદની પરેશ લાલકાની વરણી કરાઈ છે. આ નિયુક્તી બદલ તેઓને અભિનંદન સાથે ઉત્તરોત્તર પ્રગતિ જાળવી રાખી સમાજકલ્યાણના કાર્ય કરે એ શુભેચ્છા.



# કોઈમ્બતુર સંઘના શ્રી મુનિસુવ્રત સ્વામી દેરાસર મધ્યે અઢાર અભિષેકની ધર્મ આરાધનાઓ થઈ







દક્ષિણ ભારતના તામિલનાડુ રાજ્યના મુખ્ય શહેર કોઈમ્બતુરમાં કેડીઓ જ્ઞાતિજનોની સારી એવી વસતી છે. આ સંઘ નગરમાં શ્રી મુનિસુવ્રત સ્વામી દેરાસરમધ્યે ૧૮ અભિષેકની ધર્મ આરાધનાઓ ધર્મભાવ માહોલમાં સંપન્ન થઈ. સંઘના શ્રાવક શ્રાવિકોની ઉત્સાહભરી ઉપસ્થિત રહી હતી.

# શ્રી કેડીઓ મહારાષ્ટ્ર એકમનો આગામી વાર્ષિક સ્નેહમિલન માટે ચર્ચા વિચારણા





શ્રી કેડીઓ મહારાષ્ટ્ર એકમનો આગામી સમયમાં ખાનદેશ ક્ષેત્રની ભૂમિ ચાલીસગામ મધ્યે આ માસના અંતિમ સપ્તાહમાં એટલે કે તા.૨૫ તથા ૨૬ સપ્ટેમ્બર શનિવાર અને રવિવારના દ્વિદિવસીય યુવા તથા મહિલા મંચ સંગે સ્નેહ સંમેલન, જનરલ સભાનું આયોજન કરેલ છે. આ ભવ્ય કાર્યક્રમના આયોજનની પાર્શ્વભૂમિકા પર ચર્ચા વિચારણા માટે એક ચર્ચા સત્ર યોજાયું હતું. જેમાં ઉપસ્થિત સૌએ પોતાના વિચાર વ્યક્ત કર્યા હતા અને એકમના આગામી સંમેલન માટેનો પ્રોગ્રામ ઘડવા માટે નિખાલસપણે ચર્ચાઓ કરી હતી.

# શિવમસ્તુ તીર્થમાં રાષ્ટ્ર સુરક્ષા પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો

કચ્છના દરિયાઈ કિનાર પટ્ટી ઉપર આવેલા માંડવી નગરના પરિસરમાં સ્થિત શિવમસ્તુ તીર્થમાં શ્રાવણ સુદ આ તપની સાંજે આર.એસ.એસ.ના માંડવી તથા ભુજ નગરના દેશદાજી ભરી રાષ્ટ્ર સુરક્ષા પ્રત્યે જાગૃતતા ધરાવતા યુવાનો અને અગ્રણીઓ સાથે રાષ્ટ્ર સુરક્ષા પ્રશિક્ષણનો કાર્યક્રમ થયો. પ.પૂ.શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.એ સંઘના ઉદ્દેશો પ્રયાસો અને ભાવનાને મોકળા મને બિરદાવ્યો. સાથો સાથ ખમીર ખંત અને ખુમાસ જગાવવા પ્રેરણા આપી હતી.



# માંડવી સંઘમાં ૨૪ તીર્થંકર પૂજનની વિધિવિધાન ભણાવાઈ





કચ્છ જિલ્લાના બંદરીય શહેર માંડવી નગરના સંઘમાં પ.પૂ. સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં ૨૪ તીર્થંકર પૂજન ઈન્દિરાબેન છેડાના વિધિવિધાને ભણાવેલ હતા. આ ધર્મ આરાધનમાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ સહભાગી થઈ ધન્ય લાભ લીધો હતો.








# દેવલાલી સંઘમાં શ્રી શાંતિનાથ ભગવાન ચ્યવન કલ્યાણક દિને પુષ્પાંજલિ સહ પુષ્પાભિષે અનુષ્ઠાન થયા

તા.૨૯ ઓગસ્ટ રવિવારના દેવલાલી સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. આદિઠાણા-૨ની નિશ્રામાં શ્રી શાંતિનાથ ભગવાનના ચ્યવન કલ્યાણક દિવસ નિમિત્તે શ્રી શાંતિનાથ ભગવાનને પુષ્પાંજલિથી પુષ્પાભિષેક સાથે અનુષ્ઠાન કરાયા અને પાંચ દ્રવ્યથી શાંતિકળશની ધારા સાથે એકાસણા કરાયા.





# પાલીતાણા તીર્થે ૯૯ યાત્રા પ્રસંગે સંયમ સુવર્ણ વર્ષ વધામણા કાર્યક્રમ યોજાયો





રવિવાર તા.૨૯ ઓગસ્ટના દિને પાલીતાણા મહાતીર્થે ૯૯ યાત્રા દરમિયાન પ.પૂ.સાધ્વીશ્રી અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી તત્વપૂર્ણાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૫૦ વર્ષ નિમિત્તે વિધિકાર નરેન્દ્રભાઈ નંદુ સથવારે સંયમ સુવર્ણ વધામણાનો કાર્યક્રમ ધામધૂમથી ઉજવાયો. સંઘના ભાવિક ગણ આ પ્રસંગે ઉત્સાહથી જોડાઈ લાભ લઈ ધન્ય થયા હતા.

# માટુંગા સંઘમાં શ્રી વર્ધમાન વિરતિ સામાયિક સાધના પોથીનું વિમોચન કરાયું





શ્રી આર્યરક્ષિત જૈન ધર્મ રક્ષક સંઘના ઉપક્રમે પ.પૂ. અચલગચ્છાધિપતિ શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજીની પાવન નિશ્રામાં શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘના સથવારે શ્રી વર્ધમાન વિરતિ સામાયિક સાધના પોથીનું વિમોચન કરાયું.



# કોઠારા તીર્થ સંઘમાં પૂજ્ય સાહેબના આયંબિલ તપ ઓળીના પારણા થયા




અબડાસા પંચતીર્થીના કોઠારા નગર સંઘમાં તા.૧ સપ્ટેમ્બર બુધવારના પ.પૂ.સાધ્વીશ્રી હંસમાલાશ્રીજી મ.સા.ના આયંબિલ તપની ૮૦મી ઓળી તપના પારણા થયા. સંઘના શ્રાવક શ્રાવિકાઓ વાજતે ગાજતે મ.સા.ને વધામણા આપી ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.




# ભાંડુપ નગરમાં ગુરૂદેવના સાંનિધ્યમાં ડાયાલિસિસ સેન્ટરનો પ્રારંભ




પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના આશીર્વાદથી યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના સાંનિધ્યમાં જૈન યુથ ફાઉન્ડેશન દ્વારા ૧૯ બેડના ડાયાલિસિસ સેન્ટરનું ભાંડુપ નગરમાં ઉદ્‌ઘાટન તા.૨૯ ઓગસ્ટ રવિવારના કરાયું.

આ અવસરે મુંબઈ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ, મણિલક્ષ્મી તીર્થના નિર્માતા, ઋણાનુબંધ ટ્રસ્ટના વસંતભાઈ ગલિયા, ટીપટોપ થાણાના મનોજભાઈ શાહ આદિ પ્રતિષ્ઠિત મહાનુભાવોની ઉપસ્થિત રહી હતી. પૂ.ગુરૂદેવને સૌને આશીવર્ચન આપી સેવા ધર્મની મહાનતાનો ઉપદેશ સુણાવ્યો હતો.

આ પ્રસંગે ટિપટોપ ગ્રુપ તરફથી એક એમ્બ્યુલેન્સનું પણ લોકાપર્ણ થયું. પૂજ્ય ગુરૂદેવની કૃપા સમસ્ત જૈન સમાજ પર વરસી રહી છે. ગુરૂચરણોમાં વંદના.

# વર્ધમાન નગરે મંત્ર શિરોમણિ નવકાર મહામંત્ર ભાષ્ય જાપ મહાઅનુષ્ઠાન થયા





વર્ધમાનનગર પરમ પૂજ્ય આચાર્ય ભગવંત કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજય મુનિરાજ રાજરત્ન સાગરજી મહારાજ સાહેબ, પૂજ્ય મુનિરાજ કલ્પતરૂસાગરજી મહારાજ સાહેબ, પુજય સાધ્વી ચિંતનપૂર્ણાશ્રીજી મહારાજ સાહેબ, યતિ મોતીસાગરજી મહારાજ સાહેબની શુભ પાવન નિશ્રામાં વર્ષમાનનગરે મંત્ર શિરોમણી નવકાર મહામંત્ર ભાષ્ય જાપ-મહાઅનુષ્ઠાન દાતાશ્રી માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી લોડાયા આરિખાણા હાલે મુંબઇ હસ્તે શ્રીમતિ કલ્પનાબેન સોમચંદભાઇ લોડાયા પરિવાર દ્વારા યોજાયો હતો. જેમાં વિશાળ સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

પ્રારંભે વર્ષમાનનગર ચાતુર્માસ કમિટીના અધ્યક્ષ તારાચંદભાઈ છેડાએ મહેમાનોને મીઠડો આવકાર આપ્યો હતો. અને ચાતુર્માસ ઉજવણીની અને ચાતુર્માસના મુખ્ય દાતા માતુશ્રી મૃદુલાબેન અરવિંદભાઇ વોરા પરિવારની અનુમોદના કરી હતી. ડૉ.હર્ષભાઇ દેઢીયાએ અનુષ્ઠાન પોતાની મધુર વાણી સાથે કરાવ્યું હતું. જયારે સંગીતની રમઝટ નિશાબેન સંઘવી એન્ડ પાર્ટીએ જમાવી હતી. સૌ પ્રભુભક્તિના રંગેરંગાઈ નવકારમંત્ર ભાષ્યજાપમાં જોડાયા હતા.







આ પ્રસંગે કચ્છ જીલ્લા પંચાયત અધ્યક્ષા શ્રીમતિ પારૂલબેન કારા, માધાપર સરપંચ પ્રેમીલાબેન ભુડીયા, ઉપસરપંચ અરજણભાઇ ભુડીયા, ભુજોડી ઉપસરપંચ ગાભુભાઈ વણકર, વર્ધમાનનગર સરપંચ જયોતિબેન વિક્રમશી, ગીરીશભાઈ છેડા, મધુકાન્તભાઇ શાહ, પ્રભાતસિંહ જાડેજા, ચિંતલભાઈ વોરા, ચેનતભાઇ સંઘવી, ધીરજભાઈ પારેખ, ભરતભાઇ બી. શાહ, કિશોરભાઈ સાંયા, નીલેશ મોમાયા, હસમુખ વોરા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પૂજ્ય મુનિરાજ કલ્પતરૂસાગરજી મહારાજ સાહેબે જણાવ્યુ હતું કે, 'તારે તે તીર્થ' તિર્થનો રાજા શત્રુંજ્ય તિર્થ છે. પર્વનો રાજા પર્યુષણ મહાપર્વ છે તેમ મંત્ર શિરોમણીનો રાજા નવકાર મહામંત્ર છે. નવકારનો આશરો એજ સાચો આશરો છે. અરિહંત પરમાત્માને નમસ્કાર મંત્રથી વંદન છે. નવકારનો એક અક્ષર બોલતાં જ પાપો ખતમ થાય છે.

નવકારનો આશરો લેવાથી અંતરાયો દૂર થાય છે. શ્રદ્ધાપૂર્વક નવકારનું રટણ કરવામાં આવે તો તેનો પ્રભાવ અનેરો છે.

પરમ પૂજ્ય આચાર્ય ભગવત કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે જણાવ્યું હતુ કે, નવકારમંત્ર જાપમાં આજે જે અનુભવ્યું તેની રોજ સાધના કરજો. કચ્છમાં જલ્દીથી મેઘરાજા મહેર કરે તેમજ સમગ્ર વિશ્વને કોરોનાથી મુક્તિ મળે તેવી પ્રાર્થના કરી હતી. નવકારમંત્ર અનુષ્ઠાનના દાતા સોમચંદભાઈ લોડાયાનું સન્માન પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડા તથા ચાતુર્માસનાં મુખ્ય દાતા અરવિંદભાઇ વોરાના હસ્તે કરવામાં આવેલ. અષ્ટમંગલ વર્ધમાનનગર જૈન સંઘને અર્પણના ચડાવોનો લાભ માતુશ્રી મંજુલાબેન હરીલાલ શાહ પરિવારે લીધો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે જયારે આભારદર્શન દિપક લાલને કર્યું હતું. વ્યવસ્થામાં હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, તુષાર જૈન, અભય ઘરમશી, પંકજ નાગડા, રોનીત શાહ, ફેનીલ શાહ તથા ચાતુર્માસ કમિટીના સર્વે સભ્યોએ સહકાર આપ્યો હતો.

# ખામગામ સંઘમાં સ્નાત્ર મહોત્સવની ધર્મ આરાધનાઓ ભવ્યતાથી થઈ




મહારાષ્ટ્ર રાજ્યના વિદર્ભ પ્રાંતના ખંતીલા નગર ખામગામનાશ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘમાં અચલગચ્છના સાધ્વીજી પ.પૂ.શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.ની પાવન પરમ નિશ્રામાં સ્નાત્ર મહોત્સવની ધર્મ આરાધનાઓ ભવ્યતાથી થઈ. લાભાર્થી અનિલભાઈ દામજી વિકમશી પરિવાર.

# ભાંડુપ સંઘમાં ભક્તામર સંપુટ સાધનાની પૂર્ણાહૂતિ થઈ




તા.૨૯ ઓગસ્ટ રવિવારના સવારે ભક્તામર સંપુટ સાધનાની પુર્ણાહૂતિ નિમિત્તે શ્રી ભાંડુપ સંઘમાં પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં તપનો ઉજમણો અને તપસ્વીઓના પારણા સાથે સંપન્ન થયા.

# સાંધવ સંઘમાં શ્રી શાંતિનાથ દાદાના ચ્યવન કલ્યાણક પ્રસંગે પુષ્પ મહાપૂજનના વિશિષ્ટ અનુષ્ઠાન થયા

તા.૨૯ ઓગસ્ટ રવિવારના અબડાસા પંથકના સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની શીતલછાયામાં પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં શ્રી શાંતિનાથ દાદાના ચ્યવન કલ્યાણક પ્રસંગે પુષ્પ મહાપૂજનના વિશિષ્ટ અનુષ્ઠાન હૃદયના ઉદ્‌ગાર શ્રી સંઘના શ્રાવક શ્રાવિકાઓની ઉત્સાહભેરની ઉપસ્થિતમાં સંપન્ન થયા.



# ભાંડુપ સંઘમાં શ્રી સીમંધર સ્વામી પંચકલ્યાણક પૂજા અનુષ્ઠાન થયા

ભાંડુપ નગર સંઘમાં તા.૨૯ ઓગસ્ટ રવિવારના દિને સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન પ.પૂ.ઉદયરત્નસાગરજી મ.સા.ના પરમ સાંનિધ્યમાં ભવ્યાતિ ભવ્ય રીતે શ્રી સીમંધર સ્વામી પંચકલ્યાણક પૂજાનું આયોજન સર્વે ૧૨૫ તપસ્વીઓની ઉદ્યાપન અનુમોદનાર્થે થયા. ગીત સંગીત સાથે કંઈ નોખું કંઈક અનોખું આકર્ષક અને અદ્ભુત શૃંગારની સાથે શાનદાર ભક્તિમય આયોજન યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના મુખવાણીથી સીમંધર સ્વામીની કંઈ નવી નવી અણ સાંભળેલી વાતો બહુ સંખ્યામાં ઉપસ્થિત તપસ્વીઓને જાણવા મળી. ૩.૫૩ કલાકનો યુટ્યુબની લીંક https://youtu.be/OnIEEhZj5eQ ઉપર આ રસપ્રદ જ્ઞાનવર્ધક પૂજા અનુષ્ઠાન માણી શકાશે.

# શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘના ઉપક્રમે સ્તુતી વર્સીસ ટીકા ઉપર મનનીય પ્રવચન યોજાયું

ઓગસ્ટ માસના પાંચ રવિવારની યુવા શિબિર પ્રવચન શ્રૃંખલામાં અંતિમ પ્રવચન તા.૨૯ ઓગસ્ટ રવિવારના બપોરે ૨.૩૦ થી ૪.૩૦ કલાક દરમ્યાન શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘના આંગણે સહસ્ત્રફણા પાર્શ્વનાથ દાદાના દરબારે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના મુખવાણીથી સ્તુતિ વર્સીસ નિંદા ઉપર થયું. યુથ એન્કરજમેન્ટ સીઝનનું આ અંતિમ પ્રવચન અને અલૌકિક માહોલમાં શ્રોતાઓને લઈ ગયું હતું. ૨.૦૦ કલાકનું આ પ્રવચન યુટ્યૂબ લીંક https://www.youtube.com/channel/UCO4iGZEzfPSkTp_G33ccqcw ઉપર ઘરબેઠા માણી શકાશે.

# જલગાંવ મૂર્તિપૂજક સંઘમાં નાના બાળકોના કઠિન તપની અનુમોદના

પ.પૂ.સાધ્વીશ્રી હિતોદયાશ્રીજી મ.સા. થાણા ૩, પ.પૂ.સાધ્વીશ્રી ધ્યાનનિધિશ્રીજી મ.સા. ઠાણા ૩ અને પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ના આશીર્વાદ તથા પ્રેરણાથી જલગામ મૂર્તિપૂજક સંઘના ટ્રસ્ટી જિતેન્દ્રભાઈ ચંદુલાલ શાહ પરિવારના ચિ.આરવ પ્રતિક શાહ ઉમર વર્ષ ૧૨ એ અઠાઈ આઠ ઉપવાસ અને ચિ. સનય દિલીપ શાહ ઉમ્ર ફક્ત ૩ વર્ષ એ એક ઉપવાસ કર્યો છે. બંન્ને બાળ તપસ્વીઓના પારણા તા.૩૦ ઓગસ્ટ સોમવારના શાતાપૂર્વક થયા.

આટલી નાની ઉમરમાં આટલી કઠિન તપસ્યા કરીને બંન્ને એ પરિવાર તેમજ સંઘનો નામ રોશન કર્યું છે. સંપૂર્ણ જૈન સંઘ તરફથી બંન્ને બાળકોની ધર્મ ભાવના અને જૈન શાસન પ્રત્યેની અદ્ભૂત ચાહના માટે ખૂબ ખૂબ અનુમોદના.

# દિવ્યા સમીર મોમાયાને JITO મહાકુંભમાં બેસ્ટ સ્ટોલનો બ્રોન્ઝ મેડલ મળ્યો



દિવ્યા સમીર મોમાયા-માલેગાવના નીતા મણિકાંત શાહના પુત્રી જે માયબોર્ડના મેન્ટર ફાઉન્ડર છે. તેમણે કો.ફાઉન્ડર નેહા નિમેશ શાહ-થાણાના વનિતા ભરત નાગડાના પુત્રી અંગે JITO નાહર JBN મહાકુંભમાં બેસ્ટ સ્ટોલ માટે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. આ સિધ્ધિ માટે અભિનંદન.



**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

## બાંદરા સંઘમાં પ.પૂ.સાધ્વીજીની ૬૯ ઓળીનું પારણું થયું





તા.૨૩ ઓગસ્ટ સોમવારના દિને મુંબઈ વેસ્ટર્ન રિજનના બાંદરા વેસ્ટ અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા.ની ૬૯ મી ઓળીનું પારણું ભવ્યતાથી સંઘના શ્રાવક-શ્રાવિકાઓનું ઉપસ્થિતમાં થયું.

## શ્રી રંગપુર નગરે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાની છત્રછાયામાં પર્યુષણ પર્વ આરાધના કાજે પધારવાનું સહર્ષ આમંત્રણ

ગુજરાત રાજ્યના હાલાર પ્રાંતના રમ્ય નગર રંગપુર ગામે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાની અઢળક મહેર ગામ પર વરસી રહી છે. તેમની છત્રછાયામાં પર્યુષણ પર્વ ૨૦૨૧ સૌ સંગે ઉજવવાની કોડ ધરાવીએ છીએ. એ પ્રસંગનું આમંત્રણ રંગપુરવાસી ક.દ.ઓ.જૈન જ્ઞાતિજનો તેમજ નિયાણી બહેનોને ભાવપૂર્વક શ્રી રંગપુર ક.દ.ઓ.જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટના ટ્રસ્ટીગણ કારોબારી સભ્યો અને સલાહકાર સમિતિ દ્વારા અપાયું છે.

અત્રે તમામ પ્રકારની સગવડ જેવી કે અતિથિગૃહ, ભોજનશાળા, ઉપાશ્રય, દેરાસર વિગેરે વ્યવસ્થા સૌના સાથ સહકારથી ચાલે છે. પર્યુષણની શરૂઆત શનિવાર તા.૪ સપ્ટેમ્બરથી થશે. મહાવીર સ્વપ્ન વાંચન (૧૪ સ્વપ્ન મહોત્સવ) બુધવાર તા.૮ સપ્ટે.ના બારસા સૂત્ર વાંચન અને સંવત્સરી પ્રતિક્રમણ શનિવાર તા.૧૧ સપ્ટે. અને તા.૧૨ સપ્ટે. રવિવારે છઠના પારણા અને સાંવત્સરિક ક્ષમાપના. આમ ૧૦ દિવસનો કાર્યક્રમ રહેશે. આ પવિત્ર દિવસોમાં સાધર્મિક ભક્તિના નકરામાં સવારની નવકારશી રૂા.૫૦૦૦/-, બપોરના જમણ થાળ રૂા.૧૦૦૦૦/-, સાંજના ચા-પાણી અને ચૌવિહાર રૂા.૫૦૦૦/-, આખા દિવસનો લાભ રૂા.૧૫૦૦૦/-.

આ પ્રસંગે શ્રી આર્યરક્ષિત તત્વજ્ઞાન વિદ્યાપીઠના ભાઈ બહેનોને પર્યુષણ કરાવવા બોલાવવામાં આવશે. તો આપ સર્વેને વહેલી તકે ટિકીટ કઢાવી પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે. સર્વે કાર્યક્રમની ઉજવણી સરકારી નિયમો અને સાવચેતી રાખીને ઉજવવામાં આવશે.

પંકજ કેશવજી ધરમશી પ્રમુખ ટ્રસ્ટી, બિપિન પાશ્વીર નાગડા ઉપપ્રમુખ ટ્રસ્ટી, જતીન ગુલાબચંદ નાગડા માનદમંત્રી ટ્રસ્ટી, કિરીટ પુનશી મુનવર ખજાનચી ટ્રસ્ટી, કાંતિલાલ માણેકજી નાગડા સહમાનદમંત્રી, દિપક શાંતિલાલ લાપસીયા ટ્રસ્ટી, હેમાંગ અશોક લાલકા ટ્રસ્ટી, વિનોદ શીવજી ધરમશી સ્થાનિક ટ્રસ્ટી, લહેરચંદ ચંપકલાલ ધરમશી સ્થાનિક ટ્રસ્ટી, શશાંક કિશોર ખોના સ્થાનિક ટ્રસ્ટી.

## ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા ૨૦૪-૬૮ લાખ સહાય તીર્થે મંજૂર

ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક CDS/13/2020/1376/P1 તા.૨૪-૫-૨૦૨૧ની મુજબ ગુજરાત રાજ્યમાં પ્રાણી કલ્યાણ વોર્ડની સ્થાપના કરાઈ અને જિલ્લા કક્ષાએ ઈન્ફરમરીને સહાયતાર્થે ૨૦૪.૬૮ લાખ રૂપિયા મંજૂર કર્યા છે. ગુજરાત રાજ્યની બધી ગૌશાળા, પાંજરાપોળના સંચાલકોને વિનંતી છે કે તેઓ સરકારશ્રીની આ યોજનાનો અવશ્ય લાભ લે. સંપર્ક માટે ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ, સુમન ટાવર, બીજા માળે નોર્થ વિંગ સેક્ટર-૧૯, ગાંધીનગર (ગુજરાત) ઈ-મેઈલ : jd-gsawb-gnrgujrat.gov.in



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● વડનગર ખાતે યોજાયેલી રાજ્ય સ્તરની કલકે કલાકાર અને પ્રતિભા શોધ અને શાસ્ત્રીય નૃત્ય બે સ્પર્ધાઓમાં અંજારની બે બહેનોએ ઉત્કૃષ્ટ દેખાવ કરી છવાઈ ગઈ હતી. આ સ્પર્ધાઓ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર દ્વારા તાનારીરી પર્ફોર્વીંગ આર્ટસ કોલેજ વડનગર મુકામે યોજાયેલ. કિન્નરી ચંદેએ ગુજરાત રાજ્યનો પ્રતિષ્ઠિત કલકે કલાકાર એવોર્ડ તથા બ વિભાગની સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તો પ્રતિભા શોધ સ્પર્ધાના બ વિભાગમાં કુ. બાગેશ્રી ચંદેએ ભરતનાટ્યમ પ્રસ્તુત કરી તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

● અંજાર તાલુકાના સતા પર ખાતે કચ્છ પાટણ પ્રાથરિયા આહીર સમાજ દ્વારા ૨૫ કરોડના ખર્ચે ગોવર્ધન આહીર કન્યા વિદ્યા સંકુલનું ઉદ્ઘાટન રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કરાયું. ૨૩ એકર જમીનમાં સમગ્ર સંકુલમાં ૩ લાખ સ્કેવર ફૂટ બાંધકામ કરાયું છે. જેમાં ત્રણ કરોડના ખર્ચે પાંચ હજાર માણસોનો સમાવેશ થાય એવું ઓડિટોરિયમ બનાવાયું છે. પ્રત્યેક રૂમમાં દસ વિદ્યાર્થીનીઓ રહેવાની ક્ષમતાવાળા ૧૨૫ રૂમો, ૧ લાયબ્રેરી, ૧ વેઈટિંગ રૂમ, ૨ ગૃહમાતાને રહેવા રૂમ ૮૦૦ દીકરી એક સાથે જમી શકે એવી ભોજનશાળા જેમાં પાંચ સ્ટોર રૂમ, ૧ વોશ બેસીન રૂમ ઉપરાંત પાણી માટે બોરની વ્યવસ્થા, પાંચ લાખ લિટર અને એક લાખ લિટરના સમાવેશ થાય એટલા મોટા પીવના પાણીના ટાંકી, સમગ્ર સંકુલને ફરતે ૧૨ ફૂટ ઊંચી દિવાળ ૩ મેઈન ગેટ, વિશાળ બગીચો, પાર્કિંશગ સુવિધા અને સમગ્ર સંકુલમાં સીસીરોડ બનાવાયો છે.

● રાજ્યના ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જોડજાએ ગાંધીધામમાં યોજાયેલી સમીક્ષા બેઠક બાદ જણાવ્યું હતું કે પૂર્વ કચ્છ પોલીસ તંત્રને વધુ મજબૂત બનાવાશે. ચોરીઓ ડામવા, વાહનો, મહેકમ વધારવા પગલાં લેવાશે. આગામી દિવસોમાં પૂર્વ કચ્છમાં વધારાના વાહનો મળશે જેથી કરી સઘન પોલીસ પેટ્રોલિંગ કરી શકાય.

● ગુજરાતના ૭૦૭ ગામમાં રસીકરણ કામગીરી ૧૦૦ ટકા કરાઈ હોવાનું રાજ્ય સરકારની યાદીમાં જણાવાયું છે તેમાં કચ્છના ૪૪ ગામોનો ઉલ્લેખ કરાયો છે. જેમાં ૬ તાલુકાના ૩૮ ગામ અને રાપરના છ વોર્ડમાં ૧૦૦ ટકા રસીકરણ થયા હોવાનું જણાવાયું છે. મુંદરા તાલુકાના ૧૪ ગામો, માંડવી તાલુકાના ૧૩, રાપરના ૩, ગાંધીધામ, અબડાસાના ત્રણ ત્રણ તથા અંજારના બે ગામ આ ભાગ્યશાળી ગામો છે. એવું અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.પ્રેમકુમાર કન્નરે વિગતો આપતા કહ્યું હતું.

● તાજેતરતતમાં કચ્છની મુલાકાત લીધા બાદ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કચ્છની વિશાળ વિસ્તાર સૂકો હોવા છતાં કૃષિની ખૂબજ શક્યતાઓ હોવાથી ખેતીવાડી ક્ષેત્રે અવનવા સંશોધન થાય, વૈજ્ઞાનિક રીતે પેદાશ લેવાય અને તજજ્ઞોના અભ્યાસનો લાભ મળે એ હેતુથી કૃષિ કોલેજ અને પશુપાલન પણ અત્રે ખૂબ વિકસવ્યો છે. એક ઉદ્યોગની જેમ પશુ ઉછેરથી લઈને દૂધ અને તેની પ્રોડક્ટ આધારિત વેટરનરી કોલેજની આવશ્યકતા જોતા કચ્છ ખાતે વેટરનરી કોલેજ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

● કચ્છ જિલ્લા સેલ ટેક્સ બાર એસોસિએશનના મંત્રી એડવોકેટ પૂર્વેશ ગણત્રાની ધી ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસિએશનની આઉટ સ્ટેશનની રિપ્રેઝન્ટેશન કમિટી તથા એજ્યુકેશન પ્રોગ્રામ કમિટીમાં સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

● માંડવીના  વપ્રવેશ દ્વાર સમા ઐતિહાસિક ૧૩૭ વર્ષ જૂના પુલની બાજુમાં ૧૯૯ મીટર લાંબા અને ૧૪ મીટર પહોળા તથા ૧૨.૨૮ કરોડના ખર્ચે બંધાયેલા રૂકમાવતી નદી પરના પુલનું દેશના ગૃહમંત્રી, અમિત શાહ, પરિવહન મંત્રી, નીતિન ગડકરી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે વર્ચ્યુલ લોકાપર્ણ કર્યું. સ્થાનિકે ધારાસભ્ય વીરેન્દ્ર સિંહ જાડેજાએ રિબીન કાપી પુલને ખુલ્લા મુક્યો હતો.

## સર્વ શ્રાવક શ્રાવિકાઓને પર્યૂષણ પર્વ દરમ્યાન મન મુકીને તપ-જપ કરો એવી અંતઃકરણપૂર્વક શુભેચ્છા

આપ આપના
સ્નેહીજનોને
ક્ષમાપનાનો સંદેશો
જ્ઞાતિમૈયા દ્વારા
ફુલ પેજ રૂા.૮૦૦માં
સર્વ જ્ઞાતિજનોને મોકલાવો





**વધુ વિગત માટે સંપર્ક : વોટ્સએપ**
**મનિષા લાલકા : ૯૮૨૦૫૪૫૭૩૪, વર્ષા લોડાયા : ૯૮૩૩૦૭૨૮૭૯**


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ચંદુલાલ લોડાયા**
તા.૩૧ ઓગસ્ટ (ઉ.૭૨)
મોટી ખાવડી



**સુમતીબેન ખોના**
તા.૩૧ ઓગસ્ટ (ઉ.૯૧)
નલીયા-કોચીન



**રાયચંદ જૈન**
તા.૨ સપ્ટેમ્બર (ઉ.૭૮)
સાંયરા-કલિકટ



**જીતેન્દ્ર લોડાયા**
તા.૨ સપ્ટેમ્બર (ઉ.૭૬)
સાંધાણ-વડોદરા



**ભારતી મોમાયા**
તા.૨ સપ્ટેમ્બર (ઉ.૭૩)
જખૌ-કોચીન

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



SHUBH
DIAMONDS
WARM WELCOME
SHUBH DIAMONDS
Gracefully invites you with pride and joy to witness our blend of enchanting handcrafted jewellery
at
The Ultimate hub of Jewellery
iijs PREMIERE
INDIA INTERNATIONAL JEWELLERY SHOW 2021
15th To 19th
SEPTEMBER 2021
Venue :
BIEC, BENGALURU
HALL NO : 5
STALL NO :
5X070 I
G. Wt. 26.900
Dia. Wt. 2.28 / 80
G. Wt. 25.800
Dia. Wt. 1.86 / 190
G. Wt. 29.800
Dia. Wt. 2.66 / 190
Rajendra Momaya
98841 49494
કચ્છ શક્તિ
KUTCH-SHAKTI
AWARD WINNER - 2021
-: શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)
For Business Queries : Seema : 91 - 98841 90494 , Pratik : 91 - 98848 99494
# 128, Cathedral Road, Chennai - 600 086 , Ph. : 044 - 4314 1444
www.shubhdiamonds.com
E.Mail : pratik.mota@shubhdiamonds.com